# About our District

## FOUNDATION:

Before our District came into existence as 3232 F2, it was known as 323 F. It was consist of approximately 66 Clubs and 5800 members and working jurisdiction was from Nadiad , Dahod, Godhara, Khambhat, Kapadvanj, Rajpipala to Vadodara, Bharuch, Ankleshwar, Bardoli, Madhi, Songadh-Ukai, Vapi, Umargam, Silvassa, Daman.

Lions Club of Navasri and Lions Club of Surat were initiated in our District but Lions Club of Surat first received it's Charter in the Year 1957.

For the administrative convenience, in the Year 2004-05, our District was bifurcated into two different Districts as 323 F1 and 323 F2. Our District was known as 323 F2. The last District Governor of 323 F was Lion Jamshedji Dotiwala (2003-04).

When our District 323 F2 came into existence in the year 2004-2005, the geographical areas Bharuch, Tapi, Surat, Navsari, Valsad, Ahwa-Dang, Vapi, Umargam, Bhilad and Union Territories Daman and Silvassa were included in it. At that time, there were 34 Clubs and 1929 members in our District. Ex-Lion Dr. Uday Shah was first District Governor of this newly formed District.

At that time Our District was included in Multiple 323 consist of Gujarat, Rajasthan, Madhya Pradesh, Maharashtra and Chattishgarh States.

In the Year 2017-18 Our Multiple 323 was biforcated and our new multiple was formed namely Multiple 3232 covering Gujarat State. From Year 2017-18 onwards our District was known as 3232 F2 and presently, 75 Clubs and nearly 3200 members are registered in our District 3232 F2. The Constitution of our District 3232 F2 came into existence in the Lionestic Year 2017-18 too.

## ઉદ્‌ભવ :

આપણું ડિસ્ટ્રિક્ટ 3232 F2 અસ્તિત્વમાં આવ્યું તે પહેલા તે 323 F તરીકે ઓળખાતું હતું, જે હાલના 3232 F1 અને 3232 F2થી સંયુક્ત રીતે બનેલું હતું. લગભગ ૬૬ જેટલી ક્લબો અને આશરે ૫૮૦૦ જેટલી સભ્ય સંખ્યા ધરાવતા આ ડિસ્ટ્રિક્ટનો ભૌગોલિક વિસ્તાર નડિયાદ, દાહોદ, ગોધરા, ખંભાત, કપડવંજ, રાજપીપળાથી લઈને વડોદરા, ભરૂચ, અંકલેશ્વર, બારડોલી, મઢી, સોનગઢ-ઉકાઈ, વાપી, ઉમરગામ, સેલવાસ, દમણ સુધી વિસ્તરેલો હતો.

આપણા ડિસ્ટ્રિક્ટમાં લાયન્સ ક્લબ નવસારી અને લાયન્સ ક્લબ સુરત સૌ પ્રથમ અસ્તિત્વમાં આવી હતી. પરંતુ લાયન્સ ક્લબ ઓફ સુરતને સૌ પ્રથમ ચાર્ટર વર્ષ ૧૯૫૭માં મળ્યું હતું.

વર્ષ ૨૦૦૪-૨૦૦૫માં વહીવટી સરળતા ખાતર આપણા ડિસ્ટ્રિક્ટનું વિભાજન થયું અને 323 F1 અને 323 F2 એમ બે નવા ડિસ્ટ્રિક્ટ પ્રસ્થાપિત થયાં, જેમાં આપણું ડિસ્ટ્રિક્ટ 323 F2 તરીકે ઓળખાયું. સંયુકત ડિસ્ટ્રિક્ટ 323 Fના આખરી ડિસ્ટ્રિક્ટ ગવર્નર લા. જમશેદજી દોટીવાલા (વર્ષ ૨૦૦૩-૨૦૦૪) હતા.

આપણું ડિસ્ટ્રિક્ટ 323 F2 ૨૦૦૪-૨૦૦૫માં જ્યારે અસ્તિત્વમાં આવ્યું ત્યારે તેના ભૌગોલિક વિસ્તારમાં ભરૂચ, તાપી, સુરત, નવસારી, વલસાડ, આહવા-ડાંગ, વાપી, ઉમરગામ, ભીલાડ અને કેન્દ્રશાસિત પ્રદેશ દમણ અને સેલવાસનો સમાવેશ થયો. તે સમયે આપણા ડિસ્ટ્રિક્ટમાં આશરે ૩૪ ક્લબો અને ૧૯૨૯ જેટલી સભ્ય સંખ્યા હતી. નવા બનેલા ડિસ્ટ્રિક્ટનું નેતૃત્ત્વ પ્રથમ ગવર્નર તરીકે ભૂતપૂર્વ લાયન ડૉ. ઉદય શાહે સંભાળ્યું હતું.

તે સમયે આપણા ડિસ્ટ્રિક્ટનો સમાવેશ મલ્ટીપલ ૩૨૩માં થતો હતો, જેમાં ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને છત્તીસગઢનો સમાવેશ થતો હતો.

વર્ષ ૨૦૧૭-૧૮માં વહીવટી સરળતા ખાતર આપણા મલ્ટીપલ ૩૨૩નું વિભાજન થતા મલ્ટીપલ ૩૨૩૨ અસ્તિત્વમાં આવ્યું, જે ગુજરાત રાજ્યનું બનેલું છે, અને તેથી 323 F2 તરીકે ઓળખાતું આપણું ડિસ્ટ્રિક્ટ વર્ષ ૨૦૧૭-૧૮થી 3232 F2 તરીકે ઓળખાય છે. હાલમાં ડિસ્ટ્રિક્ટ 3232 F2માં ૭૫ ક્લબ અને ૩૨૦૦ સભ્ય સંખ્યા છે. લાયનેસ્ટિક વર્ષ ૨૦૧૭-૧૮માં આપણા ડિસ્ટ્રિક્ટ 3232 F2નું બંધારણ અસ્તિત્વમાં આવ્યું.

## ADMINISTRATIVE STRUCTURE :

For effective administration, Our District is biforcated in 4 Regions and 15 Zones. Region 1 and Region 2 are consist of Bharuch, Ankleshwar and Surat, having 42 Clubs in total. In Region 3, Ukai, Songadh, Mandvi, Madhi, Bardoli, Navsari, Ahwa-Dangs, Vansada, Bilimora, Amalsad, Gandevi and Chikhli are included which make the largest geographical area in nature having 15 Clubs altogether. Region 4 is stretched from Valsad, Vapi, Silvassa, Umargam, Bhilad to Daman having 20 Clubs included in that cluster.

## વહીવટી માળખું :

ડિસ્ટ્રિક્ટના માળખામાં ૪ રીજીયન અને ૧૫ ઝોનનો સમાવેશ થયો છે. રીજીયન ૧ અને ૨માં ભરૂચ, અંકલેશ્વર અને સુરતનો સમાવેશ કરવામાં આવેલ છે. જેમાં કુલ ૪૧ ક્લબો આવેલ છે. રીજીયન ૩માં ઉકાઈ, સોનગઢ, માંડવી, મઢી, બારડોલી, નવસારી, આહવા-ડાંગ, વાંસદા, બીલીમોરા, અમલસાડ, ગણદેવી અને ચિખલી સુધીનો વિસ્તાર સમાયેલ છે. જે ડિસ્ટ્રિક્ટનો સૌથી મોટો ભૌગોલિક વિસ્તાર છે. જેમાં કુલ ૧૫ ક્લબો આવેલ છે. રીજીયન ૪ વલસાડ, વાપી, સેલવાસ, ઉમરગામ, ભીલાડ અને દમણ સુધી વિસ્તરેલ છે. જેમાં કુલ ૨૦ ક્લબો આવેલ છે.

## ADMINISTRATION OF THE DISTRICT :

The entire District is governed by District Governor. Before that he should hold the positions for 2 years i.e. Second Vice District Governor and First Vice District Governor respectively. The election procedure is followed to elect Second Vice District Governor every year during the District Convention. During this Convention, the Lion Members elect the competent leader as the Second Vice District Governor through the election process and he/she becomes the District Governor after two years routinely.

The Schooling of District Governor is carried our at the head quarters of Lions Club International, Chicago, USA. The installation of District Governor take place at the International Convention.

After taking charge of District office, The District Governor prepares his own Plan, Policy and Program. For effective implementation, he forms Administrative Structure (Cabinet) of various Committees in which he appoints Region Chairpersons, Zone Chairpersons and District Chairpersons according to the different portfolios of concerned Programs.

With the help of his Pin, Slogan and Theme District Governor provides certain goal and guideline to all the Clubs to perform Social Service Activities. Region Chairpersons and Zone Chairpersons provide guidance to their respective Clubs for effective implementation of above said activities.

The Administrative wing of the District constantly monitor all these Administrative and Social Service Activities to be done smoothly.

When our District came into existence, the first Governor of Our District was Lt. Lion R. T. Popawala (1962-63). After him, all successive District Governors lead and attained the new pinnacles at the District, Multiple and International level through their hard work.

## ડિસ્ટ્રિક્ટનો વહીવટ :

સમગ્ર ડિસ્ટ્રિક્ટનું સુકાન ડિસ્ટ્રિક્ટ ગવર્નર સંભાળે છે પરંતુ, એ પહેલા તે બે વર્ષ અનુક્રમે દ્વિતીય વાઈસ ડિસ્ટ્રિક્ટ ગવર્નર તથા પ્રથમ વાઈસ ડિસ્ટ્રિક્ટ ગવર્નરનો હોદ્દો સંભાળે છે. દર વર્ષે ડિસ્ટ્રિક્ટ કન્વેન્સનમાં દ્વિતીય વાઈસ ડિસ્ટ્રિક્ટ ગવર્નરની નિયુક્તિ ઈલેક્શન પદ્ધતિ દ્વારા થાય છે. આ કન્વેન્સનમાં લાયન સભ્યો વોટીંગ પદ્ધતિ દ્વારા યોગ્ય લીડરને દ્વિતીય વાઈસ ડિસ્ટ્રિક્ટ ગવર્નર તરીકે ચૂંટી કાઢે છે, જે બે વર્ષ પછી ડિસ્ટ્રિક્ટ ગવર્નર તરીકેનો કાર્યભાર સંભાળે છે.

ડિસ્ટ્રિક્ટ ગવર્નરનું સ્કૂલીંગ લાયન્સ ક્લબ્સ ઈન્ટરનેશનલના હેડક્વાટર્સ શિકાગો-યુએસએ ખાતે થાય છે, જ્યારે તેઓનું ઈન્સ્ટોલેશન ઈન્ટરનેશનલ કન્વેનશનમાં થાય છે.

પોતાનો હોદ્દો સંભાળ્યા પછી ડિસ્ટ્રિક્ટ ગવર્નર પોતાના પ્લાન,પોલીસી અને પ્રોગ્રામ તૈયાર કરે છે અને તેને સુચારૂ રૂપે અમલમાં લાવવા વહીવટી માળખું (કેબીનેટ) તૈયાર કરીને વિવિધ વહીવટી કમિટીઓની રચના કરે છે. જેમાં રીજીયન ચેરપર્સનો ઝોન ચેરપર્સનો તથા લાયન્સ ઈન્ટરનેશનલ તેમજ પોતાના પ્રોગ્રામ અનુસાર વિવિધ પોર્ટફોલિયો સંભાળતા ડિસ્ટ્રિક્ટ ચેરપર્સનોને નિયુક્ત કરે છે.

ડિસ્ટ્રિક્ટ ગવર્નર પોતાની પીન, સ્લોગન અને થીમ દ્વારા તમામ ક્લબોને સેવાકીય પ્રવૃત્તિઓ કરવા માટેનું એક ચોક્કસ ધ્યેય અને ગાઈડલાઈન પૂરા પાડે છે, જેના અમલીકરણમાં આવતી મુશ્કેલી દૂર કરવા માટે રીજીયન ચેરપર્સન પોતાના રીજીયનમાં તથા ઝોન ચેરપર્સન પોતાના ઝોનમાં આવતી ક્લબોને માર્ગદર્શન પૂરું પાડે છે.

ડિસ્ટ્રિક્ટની વહીવટી પાંખ આ તમામ વહીવટી અને સેવાકીય પ્રવૃત્તિઓ તાલબદ્ધ રીતે ચાલતી રહે એ માટે પ્રયત્નશીલ રહે છે.આપણું ડિસ્ટ્રિક્ટ અસ્તિત્વમાં આવ્યું ત્યારે  ડિસ્ટ્રિક્ટના પ્રથમ ગવર્નર લાયન્સ ક્લબ ઓફ સુરતના સ્વ. આર. ટી. પોપાવાલા (વર્ષ ૧૯૬૨-૬૩) હતા. ત્યારબાદ અનુગામી ડિસ્ટ્રિક્ટ ગવર્નરોએ તેમના કાર્યો થકી ડિસ્ટ્રિક્ટને નેતૃત્ત્વ પૂરું પાડીને તેને ઈન્ટરનેશનલ તેમજ મલ્ટીપલમાં નવી ઊંચાઈઓ પર મૂક્યું છે. હાલ ૨૩ જેટલા ભૂતપૂર્વ ડિસ્ટ્રિક્ટ ગવર્નરો પોતાના અનુભવના સથવારે ડિસ્ટ્રિક્ટને માર્ગદર્શિત કરી રહ્યા છે.

**STRUCTURE OF LIONS CLUBS INTERNATIONAL :**

Lions Clubs International is the world's largest Social Service Organization (NGO) which is spread over in 206 Countries and 14.4 lacs active Lions Members surrounded by Service and fraternal emotions are extending their services.

Lions Clubs International has divided its entire worldwide Clubs into 8 Areas which are known as Area Forum. Our District is included in Sixth Area which is known as ISAME and its Headquarter is at Mumbai. (ISAME includes India, South Asia and 14 countries of Middle East.)  Each Area was further divided into Different Multiples and in India there are 11 Multiples. Our District 3232 F2 is integrated in Multiple  3232. Multiple 3232 means entire Gujarat. Gujarat is further divided into Five Various Districts- 3232 B1, 3232 B2, 3232 J, 3232 F1 and our own 3232 F2.

The International Board of Directors decide the entire policies of Lions Clubs International. The International Board member is acknowledged as International Director. The International Directors are appointed for two years tenure.

The International President takes charge of Lions Clubs International's Administration. India has successfully honoured the position of International President 3 times. Lion Rohit Mehta (1992-93), Lion Dr. Ashok Mehta (2005-06) and Lion Naresh Agrawal (2017-18) kept Indian Flag furling high and tall at the International Headquarter.

**લાયન્સ ક્લબ્સ ઈન્ટરનેશનલનું માળખું :**

વિશ્વની સૌથી મોટી સેવાકીય સંસ્થા (એનજીઓ) એટલે કે લાયન્સ ક્લબ્સ ઈન્ટરનેશનલ. જે વિશ્વના આશરે ૨૦૬ દેશોમાં ફેલાયેલી છે અને સેવા અને ભ્રાતૃભાવનાને વરેલા લગભગ ૧૪.૪ લાખ જેટલા લાયન સભ્યો સેવાની સુવાસ ફેલાવી રહ્યા છે.

લાયન્સ ક્લબ્સ ઈન્ટરનેશનલે સમગ્ર વિશ્વની ક્લબોને આઠ એરિયામાં વિભાજિત કરી છે જેને એરિયા ફોરમ તરીકે ઓળખવામાં આવે છે. આપણા ડિસ્ટ્રિક્ટનો સમાવેશ છઠ્ઠા નંબરના એરિયા ફોરમમાં થયો છે, જે ISAME તરીકે ઓળખવામાં આવે છે, જેનું હેડ ક્વાર્ટસ મુંબઈ ખાતે આવેલું છે. (ISAMEમાં India, South Asia, Middle Eastના ૧૪ દેશોનો સમાવેશ થાય છે.) દરેક એરિયાને વિવિધ મલ્ટીપલમાં વિભાજિત કરવામાં આવેલ છે, જે પૈકી ભારતમાં ૧૧ મલ્ટીપલ આવેલ છે અને આપણા ડિસ્ટ્રિક્ટનો સમાવેશ મલ્ટીપલ 3232 માં થાય છે. મલ્ટીપલ 3232 એટલે સંપૂર્ણ ગુજરાત. ગુજરાતને 3232 B1, 3232 B2, 3232 J, 3232 F1 અને આપણું 3232 F2 એમ કુલ પાંચ ડિસ્ટ્રિક્ટમાં વિભાજિત કરવામાં આવ્યું છે.

લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલની સમગ્ર પોલિસી બોર્ડ ઓફ ડિરેક્ટર્સ નક્કી કરતા હોય છે. જેના સદસ્ય ઈન્ટરનેશનલ ડિરેક્ટર તરીકે ઓળખાય છે. ઈન્ટરનેશનલ ડિરેક્ટરર્સની નિમણૂંક બે વર્ષ માટે થતી હોય છે.

લાયન્સ ક્લબ્સ ઈન્ટરનેશનલનો વહીવટ ઈન્ટરનેશનલ પ્રેસિડન્ટ સંભાળે છે. ભારતમાંથી કુલ ૩ ઈન્ટરનેશનલ પ્રેસિડન્ટ લાયન રોહિત મહેતા (૧૯૯૨-૧૯૯૩), લાયન ડૉ અશોક મહેતા (૨૦૦૫-૨૦૦૬) અને લાયન નરેશ અગ્રવાલ (૨૦૧૭-૨૦૧૮) ભારતના ધ્વજને ઈન્ટરનેશનલ હેડક્વાર્ટર

પર ફરકાવવામાં સફળ રહ્યા છે.

**DISTRICT LEADERSHIP AT MULTIPLE LEVEL :**

Our Past District Governors, Lion H. T. Shah, Lion Ashok Kanungo, Late Lion Mahendrasinh Jadeja, Lion Jashvika Desai have worked as Multiple Council Chairperson, Past District Governors Lion Dr. Vijay Desai and Lion P. D. Khedkar worked as Vice Multiple Council Chairperson and Past District Governor Lion Sanjiv Kesarvani has worked as Multiple Council Secretary/ Treasurer at Multiple levels and all have proved their Quality Leadership.

**મલ્ટીપલ કક્ષાએ ડિસ્ટ્રિક્ટનું નેતૃત્ત્વ :**

સ્થાપનાથી શરૂ કરીને હાલ પર્યંત આપણા ડિસ્ટ્રિક્ટના પાસ્ટ ડિસ્ટ્રિક્ટ ગવર્નરો અનુક્રમે લા. એચ. ટી. શાહ, લા. અશોક કાનુન્ગો, સ્વ. લા. મહેન્દ્રસિંહ જાડેજા તથા લા. જસ્વીકા દેસાઈએ મલ્ટીપલ કાઉન્સિલ ચેરપસર્ન તરીકે તેમજ પાસ્ટ ડિસ્ટ્રિક્ટ ગવર્નર્સ લા. ડૉ. વિજય દેસાઈ તથા લા. પી. ડી. ખેડકર વાઈસ મલ્ટીપલ કાઉન્સિલ ચેરપર્સન તરીકે તથા વર્ષ ૨૦૧૯-૨૦૨૦માં પાસ્ટ ડિસ્ટ્રિક્ટ ગવર્નર લા. સંજીવ કેસરવાનીએ મલ્ટીપલ કાઉન્સિલ સેક્રેટરી/ટ્રેઝરર તરીકે મલ્ટીપલ કક્ષાએ હોદ્દાઓ સંભાળીને ડિસ્ટ્રિક્ટની નેતૃત્ત્વ ક્ષમતા પૂરવાર કરી છે.

**DEVELOPMENT OF WOMAN LEADERSHIP:**

Lioness Clubs were also functional along with Lions Club earlier but from 2018-19 Lioness Clubs become non-existent. Further, to give importance to new voice and to get women leadership at the district level, Lions International has started a bridge program from lioness to lion which resulted in the establishment of such clubs which are administered only by women in the district. The administration and service of such clubs are managed only by women who demonstrated the quality of woman leadership and set an example to follow.

**સ્ત્રી નેતૃત્ત્વ વિકાસ :**

લાયન્સ ક્લબ સાથે અગાઉ લાયોનેસ ક્લબો પણ કાર્યરત હતી. વર્ષ ૨૦૧૮-૨૦૧૯થી લાયોનેસ ક્લબનું અસ્તિત્વ રહ્યું નથી. પરંતુ ન્યુ વોઈસને મહત્ત્વ આપવા અને ડિસ્ટ્રિક્ટને લેડીઝ લીડરશીપ મળે એવા આશયથી ઈન્ટરનેશનલ દ્વારા લાયોનેસ ટુ લાયન્સ બ્રીજ પ્રોગ્રામ આપવામાં આવ્યો જેને પરિણામે ક્લબની વહીવટી અને સેવાકીય એમ બંને પાંખોનું સંચાલન ફકત અને ફક્ત લેડીઝ કરતી હોય એવી અનેક લાયન્સ ક્લબો ડિસ્ટ્રિક્ટમાં પ્રસ્થાપિત થઈ જે સ્ત્રી નેતૃત્ત્વ વિકાસનું ઉત્તમ ઉદાહરણ છે.

**DEVELOPMENT OF YOUNG LEADERSHIP:**

Our youth is the synchronization of new thoughts, new enthusiasm and new technology. In the year 2014-15, Leo district was established to get the maximum benefit for the organization from these young and strong minds and to provide a vast platform to prove their leadership, Leo District came into existence. At present, 10 Leo Clubs are there in our District and we are getting the greatest benefit from these Young Leadership.

**યુવા નેતૃત્વ વિકાસ :**

નવા વિચારો, નવો ઉત્સાહ અને નવી ટેકનોલોજીનો સમન્વય એટલે આપણું યુવાધન. યુવાનોની આ શક્તિનો મહત્તમ લાભ આપણી સંસ્થાને મળે અને યુવાનોને પણ પોતાની લીડરશીપ પૂરવાર કરવાનું પ્લેટફોર્મ મળે એ આશયથી વર્ષ ૨૦૧૪-૧૫માં લીયો ડિસ્ટ્રિક્ટની સ્થાપના કરવામાં આવી. હાલ ૧૦ જેટલી લીયો ક્લબમાંથી યંગ લીડરશીપનો લાભ આપણા ડિસ્ટ્રિક્ટને મળી રહ્યો છે.

**GAT (GLOBAL ACTION TEAM) :**

Lions Clubs International has formed Global Action Team (GAT) from the year 2017-18 to speed up in the areas like Development of Leadership (GLT), Growth in Membership (GMT), Service (GST) and Lions Club International Foundation (LCIF). The District Governor is the head of the Global Action Team who appoints co-ordinators and members of various

committees of GLT, GMT, GST and LCIF in association with Vice District Governors.

## ગેટ (GLOBAL ACTION TEAM) :

લાયન્સ ક્લબ્સ ઈન્ટરનેશનલે નેત્તૃત્વ વિકાસ (GLT), સભ્યપદ વૃદ્ધિ(GMT), સેવા (GST) જેવા અને લાયન્સ ક્લબ્સ ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન(LCIF) ને વેગ મળે એ આશય સાથે વર્ષ ૨૦૧૭-૧૮થી ગ્લોબલ એક્શન ટીમ (GAT)ની રચના કરી છે. ડિસ્ટ્રિક્ટ ગવર્નર ગ્લોબલ એક્શન ટીમ(GAT)ના અધ્યક્ષ હોય છે. તેઓ GLT, GMT GST અને LCIF Committeeના કો-ઓર્ડિનેટરો તથા સભ્યોની નિમણૂંક કરે છે.

## PERMANENT PROJECTS OF DISTRICT:

Our District is leading among Top Ten Districts which are doing great Social Service Activities at the International Level every year. The credit goes to our Lion members. There is a giant contribution from the permanent projects that are established by the Clubs of 3232 F2.

Lions Clubs International Foundation has provided sufficient grants for the Permanent Projects like – Ankleshwar School, Lions Cancer Detection Centre, Shardayatan School, Lions Hall- Adajan, Eye Hospital, Lions General Hospital-Navsari, Eye Hospital Mandvi, Blood Bank of Chikhali-Bilimora, Dialysis Centre- Bilimora, Lions Joggers Park, Senior Citizen Park- Navsari, Eye Bank- Valsad, Upasana School- Vapi, Blood Bank, Eye Hospital- Vapi- are running successfully.

Generally, a District receives maximum 2 international grants funded by LCIF for the permanent projects every year.

Moreover, there is a provision of District Service Fund and Lions Social Security scheme in our district which was initiated in the year of 1992-93 and it is still in practice.

## ડિસ્ટ્રિક્ટના પરમેનન્ટ પ્રોજેક્ટો :

દર વર્ષે આંતરરાષ્ટ્રીય કક્ષાએ સેવાકીય પ્રવૃત્તિઓની મહેંક ફેલાવતા પ્રથમ દસ ડિસ્ટ્રિક્ટમાં આપણું ડિસ્ટ્રિક્ટ અગ્રેસર રહે છે. જેનો યશ ડિસ્ટ્રિક્ટના સમગ્ર લાયન સભ્યોને જાય છે. સાથેસાથે તેમાં ડિસ્ટ્રિક્ટ 3232 F2ની ક્લબો દ્વારા પ્રસ્થાપિત થયેલ કાયમી પ્રોજેક્ટો રૂપી સેવામંદિરોનો પણ સિંહફાળો છે. લાયન્સ ક્લબ્સ ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન(LCIF)ની ગ્રાન્ટ દ્વારા સફળતાપૂર્વક કાર્યરત તેવા આ કાયમી પ્રોજેક્ટોમાં અંકલેશ્વર સ્કૂલ, લાયન્સ કેન્સર ડિટેક્સશન સેન્ટર, શારદાયતન સ્કૂલ, લાયન્સ હોલ, અડાજણ અને આંખની હોસ્પિટલ, લાયન્સ જનરલ હોસ્પિટલ-નવસારી, માંડવી આંખની હોસ્પિટલ, ચીખલી-બિલિમોરાની બ્લડ બેંક, ડાયાલિસિસ સેન્ટર-બિલિમોરા, લાયન્સ જોગર્સ પાર્ક, સિનિયર સિટિઝન પાર્ક નવસારી, આઈ બેન્ક વલસાડ, ઉપાસના સ્કૂલ-વાપી, બ્લડ બેંક, આઈ હોસ્પિટલ - વાપી વિગેરેનો સમાવેશ થાય છે.

સામાન્ય રીતે દર વર્ષે કાયમી પ્રોજેક્ટ માટે એલસીઆઈએફ દ્વારા વધુમાં વધુ ૨ ઈન્ટરનેશનલ ગ્રાન્ટ ડિસ્ટ્રિક્ટને પ્રાપ્ત થાય છે.

આ ઉપરાંત આપણા ડિસ્ટ્રિક્ટમાં ૧૯૯૨-૯૩ના વર્ષથી ડિસ્ટ્રિક્ટ સર્વિસ ફંડ અને લાયન્સ સોશિયલ સિક્યોરીટી સ્કીમની શરૂઆત થઈ હતી. જે હાલ પર્યંત કાર્યરત છે.